### સિટી વિસ્તારમાં દબાણ ખાતાનું આક્રમક ચેકિંગ

# પાલિકાએ દબાણો પર ફેરવ્યું બુલડોઝર, ત્રણ ટ્રક ભરી માલસામાન સીઝ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરમાં વધી રહેલા દબાણો અને ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. પાલિકાના દબાણ હટાવ વિભાગ દ્વારા શહેરના વોર્ડ નં. ૧૪ સહિતના વિવિધ સિટી વિસ્તારોમાં આજે સઘન અને આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેના કારણે ગેરકાયદે દબાણકર્તાઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

શહેરના મુખ્ય માર્ગો, ફૂટપાથ અને જાહેર રસ્તાઓ પર લારી-ગલ્લા, પથારા તેમજ અન્ય ગેરકાયદેસર બાંધકામો અને દબાણોના કારણે રાહદારીઓ તથા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં



રાખીને વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો અને એન્ફોર્સમેન્ટ ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે આ ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન પાલિકાની ટીમે રસ્તા પર નડતરરૂપ બનેલા તેમજ દબાણ કરીને બેઠેલા અનધિકૃત લારી-ગલ્લા, કાચા શેડ્સ અને અન્ય સામાનને જપ્ત કરવાની કામગીરી હાથ ધરી હતી. પાલિકાની આ સઘન કાર્યવાહી એટલી વ્યાપક હતી કે માત્ર થોડા જ સમયમાં રસ્તાઓ પરથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર માલસામાન હટાવી લેવામાં આવ્યો હતો અને આ જપ્ત કરાયેલા સામાનને ભરીને પાલિકાના ત્રણ મોટા ટ્રક રવાના કરવામાં આવ્યા હતા.

પાલિકાના આ કડક વલણને કારણે ટ્રાફિકની સમસ્યાથી હાલાકી ભોગવતા સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ભવિષ્યમાં જો ફરીથી આવા વિસ્તારોમાં સ્વેચ્છાએ દબાણ કરવામાં આવશે, તો સંબંધિતો સામે વધુ કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આ પ્રકારની આક્રમક ઝુંબેશ આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વોર્ડ અને વિસ્તારોમાં નિયમિતપણે ચાલુ રહેશે તેવી પૂરી સંભાવના છે.

# 'વિનોદનું વૃંદાવન' અને Stage Is Yoursનું મહાનુભાવો દ્વારા લોકાર્પણ

ડો. ખુશાલી જાની દ્વારા સંપાદિત-અનુવાદિત પુસ્તકોનું વિમોચન

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

કવિ અને લેખક સ્વ. વિનોદ જાનીની જન્મજયંતી પ્રસંગે 25 ઓક્ટોબર 2026ના રોજ વડોદરા ખાતે એક વિશેષ પુસ્તક વિમોચન અને પ્રેમાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમની પૌત્રી ડો. ખુશાલી એસ. જાની દ્વારા સંપાદિત વિનોદનું વૃંદાવન અને અનુવાદિત નાટ્ય સંગ્રહ Stage Is Yours બે મહત્વપૂર્ણ પુસ્તકોનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સ્વ. વિનોદ જાનીના જીવનકાળ દરમિયાનના સંસ્મરણો, લેખો અને દુર્લભ ફોટોગ્રાફ્સને સાંકળીને તૈયાર કરવામાં આવેલા સ્મૃતિગ્રંથ 'વિનોદનું



વૃંદાવન'નું લોકાર્પણ કરાયું હતું. આ સાથે જ તેમના જાણીતા બાળનાટ્ય સંગ્રહ 'રંગ મંચ તમારો'નો ડો. ખુશાલી જાની દ્વારા અંગ્રેજીમાં કરાયેલ અનુવાદ 'Stage is Yours...' પણ વિમોચિત કરવામાં આવ્યું હતું, જેથી તેમનું સાહિત્ય વધુ પાઠકો સુધી પહોંચી શકે. આ પ્રસંગે પદ્મશ્રી ડો. પ્રવીણ દરજી, પ્રખ્યાત નાટ્યકાર અને પરફોર્મિંગ આર્ટ્સના પૂર્વ વડા ડો. મહેશ ચંપકલાલ શાહ, નાટ્યગુરુ કલાપી ધોળકિયા તથા ડભોઈ કોલેજના આચાર્ય અને ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના ડીન ડો. કેયૂર પારેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વ. વિનોદ જાનીના સાહિત્યિક પ્રદાનને બિરદાવીને તેમને ભાવભરી પ્રેમાંજલી અર્પણ કરી હતી.

### કોવિડ બાદ પ્રથમ મહોત્સવમાં યુવા તબીબો અને ખેલૈયાઓમાં ઉત્સાહ

# ગોત્રી GMERS મેડિકલ કોલેજમાં શરદ પૂર્ણિમા પર ૩ વર્ષ બાદ ગરબાની જમાવટ, ૪૦૦થી વધુ તબીબો ઝૂમ્યા

**હોસ્પિટલ** અને અભ્યાસના ભારે દબાણ વચ્ચે યુવા તબીબોએ રાત્રે ગરબાના તાલે માણી મોજ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરની ગોત્રી GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે શરદ પૂર્ણિમાના પાવન અવસર પર જુનિયર ડોક્ટર્સ એસોસિએશન દ્વારા એક ભવ્ય અને ઉત્સાહભેર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ પરિસરમાં આવેલા સી બ્લોક સ્ટાફ ક્વાર્ટર્સ ખાતે યોજાયેલા આ સાંસ્કૃતિક મહોત્સવની ખાસ વિશેષતા એ રહી કે, કોવિડ અને અન્ય કારણોસર લગભગ ત્રણ વર્ષના લાંબા અંતરાલ બાદ આ પરંપરાગત ઉત્સવનું પુનઃ આયોજન કરવામાં આવ્યું હતું, જેને લઈને તબીબી આલમમાં અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો હતો.

કાર્યક્રમના આરંભે માં અંબેની આરાધના સાથે ઉત્સવનો શુભારંભ થયો હતો. આ ભવ્ય આયોજનમાં હોસ્પિટલના આરએમઓ ડૉ. પ્રવીણા પટેલ મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના ડીન, મેડિકલ સુપરટેન્ડન્ટ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વડોદરાના પ્રમુખ ડૉ. હિતેશ શાહ, વિવિધ વિભાગોના વડાઓ પૈકી ડૉ. અમોલ ભેદી સહિત અનેક સિનિયર તબીબો અને અધ્યાપકોએ ઉપસ્થિત રહીને યુવા તબીબોનો ઉત્સાહ વધાર્યો હતો. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને માતાજીની આરતી બાદ ગરબાના તાલે મહોત્સવનો માહોલ જામ્યો હતો. આ ગરબા મહોત્સવમાં GMERS કોલેજના રેસિડેન્ટ ડોક્ટર્સ, ઈન્ટર્ન્સ, અંડર ગ્રેજ્યુએટ મેડિકલ વિદ્યાર્થીઓ સહિત ૪૦૦ થી ૫૦૦ જેટલા યુવા ખેલૈયાઓ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# બરોડા પબ્લિક સ્કૂલ ખાતે CBSE નેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ - ૨૦૨૬ નો પ્રારંભ

**29 ટીમોના** 500થી વધુ ખેલાડીઓ મેદાને ઉતરશે, ઓમાન-યુએઈની 5 ટીમો પણ ભાગ લેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

મહેતા ગ્રુપ ઓફ સ્કૂલ્સ સંચાલિત અગ્રણી શૈક્ષણિક સંસ્થા બરોડા પબ્લિક સ્કૂલ સીબીએસઈ દ્વારા પ્રતિષ્ઠિત સીબીએસઈ નેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ-2026નું ભવ્ય આયોજન તા.26 થી 31 ઓક્ટોબર દરમિયાન કરવામાં આવ્યું છે.

વડોદરામાં આટલા મોટા પાયે ફૂટબોલ નેશનલ ચેમ્પિયનશિપનું આયોજન પ્રથમ વખત થઈ રહ્યું છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતના પશ્ચિમ ઝોનની સીબીએસઈ સંલગ્ન શાળાઓ ઉપરાંત કુલ 29 ટીમો ભાગ લઈ રહી છે, જેમાં 500થી વધુ ખેલાડીઓ અને અધિકારીઓ સામેલ છે. ખાસ વાત એ છે કે 29માંથી 5 ટીમો ઓમાન, મસ્કત અને યુએઈથી આવી છે, જે





આ સ્પર્ધાને આંતરરાષ્ટ્રીય કક્ષા આપે છે. મહેતા ગ્રુપ ઓફ સ્કૂલ્સના મેનેજિંગ ડિરેક્ટર શૈલેષભાઈ મહેતાના દૂરંદેશી નેતૃત્વ હેઠળ આ આયોજન થઈ રહ્યું છે. વયજૂથ મુજબ ટીમોમાં અંડર-14 ગર્લ્સ : 10 ટીમો, અંડર-17 ગર્લ્સ : 10 ટીમો અને અંડર-19 ગર્લ્સ : 09 ટીમોનો સમાવેશ થાય છે. શાળા દ્વારા તમામ ટીમો માટે આંતરરાષ્ટ્રીય ધોરણની રમતગમત સુવિધાઓ, નિવાસ, પરિવહન, તબીબી સેવા, સુરક્ષા અને આતિથ્યની વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ યુવા ખેલાડીઓમાં રમતગમતની ભાવના, શિસ્ત, ટીમવર્ક અને સ્વસ્થ સ્પર્ધાની ભાવના વિકસાવવાનો છે.

# ગોરવા કેનાલમા યુવક ડુબ્યો : મધરાતે નર્મદા કેનાલમાં ગોરવાનો યુવક પડ્યો હોવાની આશંકા

**ગોરવાની** જનકપુરી સોસાયટીના મોહનસિંગ કેનાલમાં પડ્યાની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં મધરાતે એક વ્યક્તિ નર્મદા કેનાલમાં પડ્યાની આશંકાને પગલે દોડધામ મચી ગઈ છે. જનકપુરી સોસાયટીમાં રહેતા મોહનસિંગ નામના વ્યક્તિ રાત્રે આશરે 11:30 વાગ્યાની આસપાસ કેનાલમાં પડ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો શોધખોળમાં જોડાયા છે.

જોકે, મોહનસિંગ કયા સંજોગોમાં કેનાલમાં પડ્યા અને તેમની સાથે શું બન્યું તે





અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં નર્મદા કેનાલમાં એક વ્યક્તિ પડ્યાની આશંકાને પગલે ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. ગોરવાની જનકપુરી સોસાયટીમાં રહેતા મોહનસિંગ નામના વ્યક્તિ રાત્રે આશરે 11:30 વાગ્યાની આસપાસ નર્મદા કેનાલમાં પડ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે.

રાત્રિના સમયે બનેલી આ ઘટનાને પગલે મોહનસિંગની ભાળ મેળવવા માટે ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કેનાલમાં શોધખોળ શરૂ કરવામાં આવી છે. તેઓ કયા કારણોસર કેનાલમાં પડ્યા હોવાની આશંકા છે તે અંગે હાલ કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા શોધખોળની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મોહનસિંગની ભાળ મળ્યા બાદ જ સમગ્ર ઘટનાની વધુ વિગતો બહાર આવશે.

## KMCA કોમર્સ કોલેજમાં ગર્લ્સ સેનિટેશન અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

KMCA કોમર્સ કોલેજ, વડોદરા ખાતે વિદ્યાર્થિનીઓમાં વ્યક્તિગત સ્વચ્છતા, માસિક ધર્મ દરમિયાનની સ્વચ્છતા અને આરોગ્ય અંગે જાગૃતિ લાવવા 'ગર્લ્સ સેનિટેશન અવેરનેસ પ્રોગ્રામ' યોજાયો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શિલ્પા રાવે વિદ્યાર્થિનીઓને સ્વચ્છતા અને આરોગ્યનું મહત્ત્વ સમજાવી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના ડિરેક્ટર ડો. અજય સોની, સૌર્ય પ્રતાપસિંહ અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. દિલીપ વાઘડિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છતા અને આરોગ્ય અંગે ઉપયોગી માહિતી મેળવી હતી. કોલેજ દ્વારા વિદ્યાર્થિનીઓના આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે આવી પ્રવૃત્તિઓ યોજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સાવલીમાં કિસાન સૂર્યોદય યોજનાની વીજલાઈન સામે ખેડૂતોનો વિરોધ

**માંગણીઓ** નહીં સંતોષાય તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

તાલુકામાં જેટકો દ્વારા કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત સાવલી 66 કેવી સબસ્ટેશનથી ટુંડાવ 66 કેવી સબસ્ટેશન સુધી નાખવામાં આવતી ટ્રાન્સમિશન વીજલાઈન સામે ખેડૂતોમાં વિરોધ જોવા મળ્યો છે. સાવલી, ગોઠડા, લસુન્દ્રા અને પાલડી સહિતનાં ગામોની સીમમાંથી પસાર થતી લાઈન અંગે ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ખેડૂતોએ જમીનના મૂલ્યાંકન માટે રચાયેલી માર્કેટ રેટ કમિટી (MRC) અને તા. 04/07/2026ના સરકારી પરિપત્ર સામે વાંધો વ્યક્ત કર્યો છે. તેમની માંગ છે કે જમીનનું વળતર બજારભાવ પ્રમાણે ચૂકવવામાં આવે, વીજલાઈનની સેન્ટરલાઈનથી નવ



મીટર જમીન છોડવા બદલ વળતર મળે તથા ખેતરો પરથી પસાર થતા વીજતારનું પણ વળતર ચૂકવાય. વીજપોલ નાખવા માટે વાહનોની અવરજવરથી અગાઉ થયેલા પાકના નુકસાનનું વળતર આપવાની પણ માંગ કરાઈ છે.

ખેડૂતોએ MRC કમિટીમાં ખેડૂતોના પ્રતિનિધિ અને વેલ્યુઅરની નિમણૂક તથા પ્રશ્નો અંગે રાજ્ય સરકારની લેખિત સ્પષ્ટતા માગી છે. ખેડૂત પ્રવિણસિંહ રાણાએ જણાવ્યું હતું કે માંગણીઓ સંતોષાય અને પરિપત્રમાં જરૂરી સુધારા થાય ત્યાં સુધી વીજલાઈનનું કામ શરૂ થવા દેવાશે નહીં. અન્યથા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

### નવલખી મેદાનમાં ૨૪ થી ૨૭ ડિસેમ્બર દરમિયાન પ્રદર્શન યોજાશે

# વડોદરામાં વીસીઆઈ એક્સ્પો-૨૦૨૬નો ભવ્ય શંખનાદ, ઉદ્યોગ જગત માટે નવી તકોનું દ્વાર ખુલશે

**9 લાખ** ચોરસ ફૂટમાં 700 થી વધુ સ્ટોલ, 2 લાખથી વધુ મુલાકાતીઓ ઉમટવાની અપેક્ષા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 12માં રાષ્ટ્રીય કક્ષાના ઔદ્યોગિક પ્રદર્શન વીસીઆઈ એક્સ્પો-2026નું આયોજન આગામી તા.24 થી 27 ડિસેમ્બર દરમિયાન વડોદરાના નવલખી મેદાન ખાતે કરવામાં આવશે. પશ્ચિમ ભારતના સૌથી મોટા કામચલાઉ માળખા તરીકે 9 લાખ ચોરસ ફૂટમાં 17થી વધુ વિશાળ ગુંબજ ઉભા કરીને આ પ્રદર્શન યોજાશે, જેમાં અત્યાર સુધીમાં 82 ટકા જગ્યાનું આરક્ષણ પૂર્ણ થઈ ચૂક્યું છે.

વીસીસીઆઈ એક્સ્પોના અધ્યક્ષ હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, આ ચાર દિવસીય પ્રદર્શનમાં દેશ-વિદેશના 700થી વધુ ઉદ્યોગો ભાગ લેશે, 27થી વધુ ઔદ્યોગિક ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ જોવા મળશે અને 2 લાખથી વધુ વેપારી મુલાકાતીઓ ઉમટી પડે તેવી અપેક્ષા છે. 1969માં સ્થપાયેલી વીસીઆઈ આજે મધ્ય ગુજરાતની અગ્રણી ઔદ્યોગિક સંસ્થા છે, જેની સાથે 2500થી વધુ ઉદ્યોગો,





17 ઔદ્યોગિક મંડળો અને 17 હજારથી વધુ નાના-મધ્યમ ઉદ્યોગો જોડાયેલા છે. એક્સ્પો દરમિયાન વિક્રેતા વિકાસ કાર્યક્રમ હેઠળ નાના ઉદ્યોગોને મોટા ઉદ્યોગો, સરકારી ઉપક્રમો અને બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે જોડવામાં આવશે, જેમાં 80થી વધુ મોટા ઉદ્યોગો ભાગ લેશે. આ સાથે જ ખરીદનાર અને વેચનાર વચ્ચે સીધી વેપારી બેઠકો, નવા ઉદ્યોગ સાહસિકો માટે ખાસ સ્ટાર્ટઅપ વિભાગ, ઉભરતી ટેકનોલોજી અને સરકારી નીતિઓ પર ટેકનોલોજી પરિસંવાદ તથા અર્ધવાહક ટેકનોલોજી પર કેન્દ્રિત સેમિકન્ડક્ટર સંમેલન મુખ્ય આકર્ષણ રહેશે. નઆ વર્ષે એક્સ્પોની વિશેષતા એ રહેશે કે સંયુક્ત આરબ અમીરાતનું રાસ અલ ખૈમાહ આર્થિક ક્ષેત્ર વ્યૂહાત્મક સહયોગી તરીકે જોડાયું છે, જે ભારત અને અમીરાત વચ્ચે વેપાર અને રોકાણની નવી તકો ઉભી કરશે.

### શિક્ષણ સુધારા વિધેયક-૨૦૨૬ની વિસંગતતાઓ દૂર કરવાની માંગ

# ખાનગી શાળાઓની આંદોલનની ચીમકી, ૩૦ ઓક્ટોબરે મહાસંમેલન

**શિક્ષણ** સુધારા વિધેયક-2026ની વિસંગતતાઓ અને FRCની જટીલતાઓ દૂર કરવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગુજરાતની 17 હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓના હિત, અધિકારો અને અસ્તિત્વના રક્ષણ માટે કાર્યરત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ સામે અસહકાર આંદોલનની ચીમકી આપી છે.

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ જતીનભાઈ ભરાડે જણાવ્યું હતું કે, રાજ્યમાં હજારો સ્વનિર્ભર શાળાઓ શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે, તેમ છતાં સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પડતર પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી. ખાસ કરીને નવા શિક્ષણ સુધારા વિધેયક-2026માં રહેલી વિસંગતતાઓ, એફઆરસીની જટીલ પ્રક્રિયા, શાળાઓની સ્વાયત્તતા અને વહીવટી અધિકારો પરની તરાપના કારણે સંચાલકોમાં ભારે નારાજગી વ્યાપી છે.

આ અંગે તાત્કાલિક ઉચ્ચસ્તરીય બેઠક યોજવા, વિધેયકની વિસંગતતાઓ દૂર કરવા, એફઆરસીની પ્રક્રિયા સરળ અને ન્યાયસંગત બનાવવા તથા કોઈપણ નીતિગત નિર્ણય પહેલા મહામંડળના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવાની માંગણી કરવામાં આવી છે. અન્યથા લોકશાહી ઢબે આંદોલન કરવાની ફરજ પડશે તેમ જણાવાયું છે. આગામી તા.30 ઓક્ટોબરના રોજ રાજકોટ ખાતે ઝોનના જિલ્લાઓનું મહાસંમેલન યોજાશે, જેમાં વડોદરા સહિત રાજ્યભરના મોટી સંખ્યામાં સંચાલકો ઉપસ્થિત રહી આગામી રણનીતિ નક્કી કરશે.

# પાદરામાં ઝેરી ગોળી ખાઈ યુવકનું મોત

**અક્ષર** હાઇટ્સમાં રહેતા ૩૫ વર્ષીય કેટરિંગના ધંધાર્થીનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬

વડોદરા જિલ્લાના પાદરા ટાઉન વિસ્તારમાં આવેલી અક્ષર હાઇટ્સમાં રહેતા કેટરિંગના ધંધાર્થીએ પત્ની સાથે અવારનવાર થતી બોલાચાલી અને તકરારના કારણે મનમાં લાગી આવતાં અનાજમાં નાખવાની ઝેરી ગોળી ખાઈ લીધી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પાદરા ટાઉનના અક્ષર હાઇટ્સના મકાન નંબર ૫૦૪માં રહેતા અશોક મદનલાલ ચૌહાણ (ઉં.વ. ૩૫) કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. પોલીસની પ્રાથમિક વિગતો મુજબ, અશોકને તેમની પત્ની સાથે અવારનવાર બોલાચાલી અને તકરાર થતી હતી. આ બાબતને લઈને મનમાં લાગી આવતાં તેમણે તા. ૨૧ ઓક્ટોબરના રોજ સવારે આશરે નવ વાગ્યે અનાજમાં નાખવાની ઝેરી ગોળી ખાઈ લીધી હતી. ઝેરી ગોળી ખાઈ લેતાં અશોકની તબિયત લથડી હતી. જેથી તેમને સારવાર માટે ડભાસા કોસંબા રોડ પર આવેલી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

CIN: U40102GJ2003SGC042909

ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી,

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

**વિજપુરવઠો બંધ રહેવા**

આથી અમારા વાગરા સબ-ડિવિઝનના માનનીય વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ૬૬ કે.વી. સબ-સ્ટેશનો ખાતે અગત્યની જાળવણી તથા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તેમાંથી વીજ પુરવઠો મેળવતા નીચે દર્શાવેલ ફીડરોના તમામ ગ્રાહકોને દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. તેથી જાહેર જનતાએ આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી વિલાયત | ૧૧ કેવી વિલાયત જ્યોતિગ્રામ ફીડર | વાગરા | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૨૭-૧૦-૨૬ / મંગળવાર | સવારે ૦૭:૦૦ થી સાંજે ૪:૦૦ |

નોંધઃ સમારકામની કામગીરી દરમિયાન વીજ પુરવઠો નિર્ધારિત સમયગાળા કરતાં વહેલો અથવા મોડો ચાલુ થઈ શકે છે. સલામતી માટે અપીલઃ એમ.સી.બી., ઈ.એલ.સી.બી. તથા આર.સી.સી.બી. જેવા સુરક્ષા ઉપકરણોનો ઉપયોગ કરી વીજ આંચકાથી બચો અને વીજ અકસ્માતો નિવારો.

DGVCL

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

ભરૂચ શહેર વિભાગીય કચેરી,

જીલ્લા પંચાયતની પાછળ, પાંચબત્તી, ભરૂચ,

ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વિજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરોમાં જેટકો દ્વારા અગત્યના સમારકામની કામગીરી કરવાની હોવાથી તેના પરથી વિજ પુરવઠો મેળવતા વિજ ગ્રાહકો ને તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય વિજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન (ફોલ્ટ સેન્ટર નંબર) | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ભરૂચ-બી એસ.એસ. | ૬૬ કે.વી. ભરૂચ બી એસ.એસ. માંથી નીકળતા તમામ ફીડરો જેવા કે ૧૧ કેવી થામ જેજીવાય અને ૧૧ કેવી કાસદ એજી., ૧૧ કેવી સ્વામીનારાયણ – અર્બન, ૧૧ કેવી સરયૂ - અર્બન , ૧૧ કેવી જલારામ- અર્બન, ૧૧ કેવી જી.એચ.બી.- અર્બન, ૧૧ કેવી શક્તિનાથ - અર્બન, ૧૧ કેવી એ.પી.એમ.સી.- અર્બન, ૧૧ કેવી ટોરેન્ટ - અર્બન, ૧૧ કેવી અવધૂત- અર્બન, ૧૧ કેવી નંદિની – અર્બન ફિડરો, ૧૧ કેવી ચાવજ – જે.જી.વાય (વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો) | ભરૂચ ગ્રામ્ય પે.વી.ક (૮૯૮૦૮૦૩૯૧૭) ભરૂચ વેસ્ટ પે.વી.ક (૮૯૮૦૮૦૩૯૨૩) પાંચબત્તી પે.વી.ક. (૮૯૮૦૮૦૩૯૨૫) હલદરવા પે.વી.ક. (૮૯૮૦૦૨૭૮૬૧) | ૨૯.૧૦.૨૬ ગુરુવાર | ૦૭.૦૦ થી ૧૫.૦૦ કલાક |
| ૨ | ૬૬ કેવી બોરી એસ.એસ. | ૬૬ કેવી બોરી એસ.એસ.માંથી નીકળતા ૧૧ કેવી અસ્મિતા જેજીવાય, ૧૧ કેવી બોરી જેજીવાય, ૧૧ કેવી પગુથન જેજીવાય, ૧૧ કેવી સીતપોણ જેજીવાય, ૧૧ કેવી નબીપુર એજી, ૧૧ કેવી કુવાદર એજી,૧૧ કેવી પારખેત એજી, ૧૧ કેવી દાંડી એજી વગેરે ફીડરો (વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો) | હલદરવા પેટા વિભાગીય કચેરી (૮૯૮૦૦૨૭૮૬૧) | ૨૯.૧૦.૨૬ ગુરુવાર | ૦૭.૦૦ થી ૧૫.૦૦ કલાક |

કાર્યપાલક ઇજનેર(સં.નિ.), ભરૂચ શહેર વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લી.

એમ.સી.બી. / ઈ.એલ.સી.બી. / આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વિજ અકસ્માત ટાળો


# લખન દરબાર પર હુમલાના વિરોધમાં કલેક્ટર કચેરીએ સૂત્રોચ્ચાર, આવેદનપત્ર પાઠવ્યું





અઠવાડિયા વીતવા છતાં એફઆઈઆર ન નોંધાતા રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

શહેરના ગ્રામ્ય વિસ્તારના વાઘોડિયા હદ વિસ્તારમાં અગાઉ સામાજિક કાર્યકર લખન દરબાર પર થયેલા જીવલેણ હુમલાના વિરોધમાં આજે વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સમર્થકોએ મોર્ચો માંડ્યો હતો. ભારે સૂત્રોચ્ચાર સાથે કલેક્ટર કચેરી ખાતે પહોંચીને રાજ્યના ગૃહમંત્રીને સંબોધતું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગત તા. ૧૯ ના રોજ પારસીપુરા ગામ, નિમિટા ખાતે આરતીના કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરી રહેલા સામાજિક કાર્યકરની ચાલુ ગાડી પર અંધારામાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા જીવલેણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ગંભીર ઘટનાને અઠવાડિયા કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં પોલીસ દ્વારા હજુ સુધી મુખ્ય આરોપીઓની ધરપકડ કે કાયદેસરની એફઆઈઆર નોંધવામાં ન આવતા નાગરિકો અને સમર્થકોમાં ભારે રોષ ફેલાયો છે.

આવેદનપત્ર આપવા આવેલા અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, લખન દરબાર હંમેશાં કંપનીઓમાં અન્યાય સામે લડતા યુવાનોની વ્હારે ઊભા રહે છે અને રાત્રે પણ પીએમ રૂમ સુધી દોડી જઈને પીડિતોને ન્યાય અપાવે છે.

### સવાર-સાંજ ચાલવા આવતા નાગરિકો માટે દુર્ગંધથી નીકળવું મુશ્કેલ

# સુરસાગર તળાવમાં પ્રદૂષણ અને ગરમીથી માછલીઓનો ભોગ લેવાયો, તંત્ર મૌન

(પ્રતિનિધિ) વડોદરા તા.26

શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક અને લોકપ્રિય સુરસાગર તળાવમાં હાલમાં ગંદકી અને બેદરકારીના કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. તળાવમાં પાણીની ગુણવત્તા બગડવા અને વધતી ગરમી તથા પ્રદૂષણને કારણે મોટી સંખ્યામાં માછલીઓ મૃત્યુ પામી છે, જે પાણીમાં તમતી જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને કારણે તળાવ આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ છે, જેનાથી સવાર-સાંજ ચાલવા કે હરવા-ફરવા આવતા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા અગાઉ સુરસાગર તળાવને વિકસાવવા અને સુંદર બનાવવાની મોટી મોટી વાતો અને દાવાઓ કરવામાં આવ્યા



હતા, પરંતુ હાલની વાસ્તવિક સ્થિતિ જોતા તંત્રના સ્વચ્છતા અને વિકાસના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, તળાવમાં છેલ્લા એક મહિનાથી મરેલી માછલીઓ પડી છે અને ગંદકીના સામ્રાજ્યને કારણે તળાવમાંથી અસહ્ય વાસ આવી રહી છે, છતાં તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

રોજિંદા ધોરણે અહીં ચાલવા આવતા લોકો અને સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્રની ઉદાસીનતા સામે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતાના મોટા બણગા ફૂંકવામાં આવે છે, પરંતુ જમીની સ્તરે કોઈ સફાઈ કામગીરી કરવામાં આવતી નથી. અસહ્ય દુર્ગંધ અને પ્રદૂષણને કારણે આરોગ્ય જોખમાવવાની પૂરી સંભાવના છે.

શહેરની મધ્યમાં આવેલી આ ધરોહર સમાન જગ્યાની જાળવણી કરવામાં તંત્ર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. સ્થાનિકો અને જાગૃત નાગરિકો દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે વહેલી તકે સુરસાગર તળાવની યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે, મરેલી માછલીઓનો યોગ્ય નિકાલ કરવામાં આવે અને પાણીની ગુણવત્તા સુધારીને નાગરિકોને રાહત આપવામાં આવે.